પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૦૧ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૮-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# એક્સાઈઝ કૌભાંડમાં મનીષ સિસોદિયા સહિત ૧૩ આરોપીઓ સામે લુકઆઉટ સર્ક્યુલર જારી, દેશ છોડવા પર પ્રતિબંધ

## સિસોદિયાએ વડાપ્રધાન પર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે, આ શું ખેલ છે? હું દિલ્હીમાં આઝાદ ફરું છું, બોલો ક્યાં આવવું? તમને હું મળી નથી રહ્યો?

નવીદિલ્હી,

દિલ્હી એક્સાઈઝ પોલિસીના અમલ દરમિયાન ભ્રષ્ટાચારના કથિત કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દિલ્હી એક્સાઈઝ પોલિસીના અમલ દરમિયાન ભ્રષ્ટાચારના એક કથિત કેસમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત ૧૩ આરોપીઓ વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે.



સીબીઆઈની ટીમે શુક્રવારે એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત અનિયમિતતાના સંબંધમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. એજન્સીએ ડેપ્યુટી સીએમ સહિત ૧૫ લોકો સામે કેસ નોંધ્યો છે. હકીકતમાં, સિસોદિયા વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ નોંધતા પહેલા, સીબીઆઈએ રાષ્ટ્રપતિ પાસેથી ફરજિયાત પૂર્વ મંજૂરી મેળવી હતી. આ મામલા સાથે જોડાયેલા લોકોએ આ જાણકારી આપી છે.

એજન્સીએ સિસોદિયા અને અન્ય આરોપીઓ સામે નિયમિત લુકઆઉટ પરિપત્ર પણ જારી કર્યા હતા. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭છ હેઠળ, કેન્દ્રશાસિત પ્રદેશમાં ધારાસભ્ય સામે તપાસ કરવા માટે રાષ્ટ્રપતિની પરવાનગી જરૂરી છે. તે જ સમયે, આબકારી અધિકારીઓ સામે તપાસના કિસ્સામાં, લેફ્ટનન્ટ ગવર્નર ગ્રાન્ટિંગ ઓથોરિટી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિ કાર્યાલયમાંથી ૧૭એની મંજૂરી મળ્યા પછી જ સિસોદિયા વિરુદ્ધ ૧૭ ઓગસ્ટે એફઆઈઆરનોંધવામાં આવી હતી." એકવાર એફઆઈઆર નોંધાયા પછી, સિસોદિયા સહિત તમામ ૧૩ નામના વ્યક્તિઓ સામે એલઓસી (લુક આઉટ સર્ક્યુલર) જારી કરવામાં આવ્યા હતા, જેથી કોઈ પણ વ્યક્તિ ભારત છોડે તો ઈમિગ્રેશન અધિકારીઓને ચેતવણી આપે.

૨ માર્ચ, ૨૦૧૬ પછી, જ્યારે ભૂતપૂર્વ લિકર વેપારી વિજય માલ્યા દેશ છોડીને યુકે ભાગી ગયો હતો, ત્યારે સીબીઆઈએ સાવચેતીના ભાગરૂપે લગભગ તમામ કેસોમાં આરોપીઓ વિરુદ્ધ એલઓસી જારી કરવાનું શરૂ કર્યું છે. જેથી ઈમિગ્રેશન અધિકારીઓએ દેશ છોડવાની સ્થિતિમાં સતર્ક રહેવું જોઈએ.

ડેપ્યુટી સીએમએ તેમની સામેની આ નોટિસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે, આ શું ખેલ છે? મનીષ સિસોદિયાએ ટ્વીટ કરીને કહ્યું, તમારા બધા દરોડા ફેલ થઈ ગયા છે, કંઈ મળ્યું નથી, એક પૈસાની ચોરી નથી, હવે તમે લુક આઉટ નોટિસ જારી કરી છે કે મનીષ સિસોદિયા ઉપલબ્ધ નથી. આ શું નૈટંકી છે મોદીજી? હું દિલ્હીમાં આઝાદ ફરું છું, બોલો ક્યાં આવવું? તમને હું મળી નથી રહ્યો?

આ પહેલા રવિવારે મનીષ સિસોદિયાએ વીડિયોને ટ્વિટ કરીને લખ્યું હતું કે સીબીઆઈના દરોડા અંગે મોદીજીનું નિવેદન સાંભળવું જોઈએ. જો તમે નહીં સાંભળો તો એક ખૂબ જ મોટું સત્ય જાણવાથી વંચિત રહી જશો. બીજી તરફ સિસોદીયા પર સીબીઆઈ બાદ ઈડીનો સકંજો પણ કસાયો છે.

દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અને પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે દેશના વિકાસ પર સવાલ ઉઠાવ્યા છે અને કેન્દ્ર સરકાર પર દેશ વિરુદ્ધ કામ કરવાનો આરોપ લગાવ્યો છે. રવિવારે અરવિંદ કેજરીવાલે કહ્યું કે જ્યારે દેશ બેરોજગારી સામે લડાઈ લડી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર દેશ વિરુદ્ધ કામ કરી રહી છે.

એક ટ્વિટમાં અરવિંદ કેજરીવાલે કહ્યું, "એવા સમયે જ્યારે સામાન્ય માણસ મોંઘવારી સામે ઝઝૂમી રહ્યો છે, કરોડો યુવાનો બેરોજગાર છે, ત્યારે કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારો સાથે મળીને બેરોજગારી અને મોંઘવારી સામે લડવું જોઈએ." તેના બદલે તેઓ આખા દેશ સાથે લડી રહ્યા છે. રોજ સવારે સીબીઆઈ ઈડીનો ખેલ શરૂ કરે છે. આવો દેશ કેવી રીતે પ્રગતિ કરશે?'

સીબીઆઈએ આ કેસ સાથે જોડાયેલા અનેક આરોપીઓને પૂછપરછ માટે બોલાવ્યા હતા. હવે સીબીઆઈ દરોડામાં મળી આવેલા વિવિધ દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓની તપાસ કરવા ઉપરાંત બેંક દ્વારા કરવામાં આવેલા વ્યવહારોની તપાસ કરી રહી છે. આ મામલામાં એક્સાઈઝ અધિકારીઓ, દારૂ કંપનીઓના કર્મચારીઓ, ડીલરો અને કેટલાક અજાણ્યા લોકો સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સીબીઆઈએ એક્સાઈઝ કૌભાંડ સાથે સંબંધિત એફઆઈઆર અને અન્ય દસ્તાવેજો ઈડીને સોંપી દીધા છે. આવી સ્થિતિમાં તેમની સામે મની લોન્ડરિંગનો કેસ નોંધવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ પહેલા સીબીઆઈએ ડેપ્યુટી સીએમ સહિત ૧૪ લોકો સામે લુકઆઉટ સર્ક્યુલર જારી કર્યો છે, જેથી તેઓ દેશ છોડી ન શકે. સર્ક્યુલરમાં એ તમામ આરોપીઓના નામ છે જેમની સામે સીબીઆઈએ એફઆઈઆર નોંધી છે.

### વિધાનસભાની ચૂંટણી પહેલા

# રાજેન્દ્ર ત્રિવેદીનું રેવન્યુ ખાતું અને પૂર્ણેશ મોદીનું માર્ગ બાંધકામ વિભાગ છીનવી લેવામાં આવ્યું

ગાંધીનગર,

વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્ય સરકારના બે વરિષ્ઠ મંત્રીઓના વિભાગ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. જેમાં રાજેન્દ્ર ત્રિવેદીનું રેવન્યુ ખાતું અને પૂર્ણેશ મોદીનું માર્ગ બાંધકામ વિભાગ છીનવી લેવામાં આવ્યું છે. આ બંને વિભાગ અન્ય બે નેતાઓને સોંપવામાં આવ્યા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને મહેસૂલ વિભાગનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે, જ્યારે જગદીશ પંચાલને માર્ગ બાંધકામ વિભાગ આપવામાં આવ્યો છે.



ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્ર પટેલ સરકારની નવી ટીમના મંત્રીઓએ થોડા સમય પહેલા જ પદના શપથ લીધા હતા. રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી, હૃષીકેશ પટેલ, પૂર્ણેશ મોદી, રાઘવજી પટેલે પ્રથમ કેબિનેટ મંત્રી તરીકે એકસાથે શપથ લીધા. ત્યારબાદ કનુ દેસાઈ, કિરીટ રાણા, નરેશ પટેલ, પ્રદીપ પરમાર, અર્જુનસિંહ ચૌહાણે પણ એકસાથે કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. નવી સરકારમાં, ૧૦ કેબિનેટ સ્તરના અને ૧૪ રાજ્ય સ્તરના મંત્રીઓએ શપથ લીધા અને તેમને પોર્ટફોલિયોની ફાળવણી કરવામાં આવી.

કેબિનેટમાં બે સીનિયર મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અને પૂર્ણેશ મોદી પાસેથી ખાતા છીનવ્યા બાદ કોંગ્રેસે સરકાર પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ પત્રકાર પરિષદ યોદી હતી. મનીષ દોશીએ કહ્યુ કે, ૨૦૧૭માં અનેક વાયદાઓ કરીને સત્તા મેળવનાર ભાજપે ભ્રષ્ટાચાર ચાલુ રાખ્યો. થોડા સમય પહેલા સમગ્ર મંત્રીમંડળ બદલી નાખવામાં આવ્યું હતું. પરંતુ ભાજપે ભ્રષ્ટાચારનો સિલસિલો જાળવી રાખ્યો હતો.

કોંગ્રેસના પ્રવક્તાએ કહ્યું કે ભાજપ જે મંત્રીના વખાણ કરતું હતું, જેઓ રેડ કરતા હતા. તેણમે ખેડામાં જમીન મામલે ભ્રષ્ટાચાર કર્યો છે. મહેસૂલ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર બન્યું છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે મહેસૂલ મંત્રીની કઈ-કઈ ચીઠ્ઠી હાથ લાગી કે તેમને હટાવી દેવામાં આવ્યા. તો પૂર્ણેશ મોદી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે જો મંત્રીએ ખાડા પૂર્યા તો કેમ હટાવવામાં આવ્યા.

કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કહ્યુ કે, મહેસૂલ વિભાગ રાજેન્દ્ર ત્રિવેદી પાસેથી કેમ લેવામાં આવ્યો તેનો જવાબ જનતા જાણવા માંગે છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે ક્યા ખેડૂતની જમીન કોના નામે કરી છે. તેમણે કહ્યું કે બે મંત્રીઓના વિભાગ બદલવાથી ભ્રષ્ટાચાર રોકાશે નહીં. તેમણે કહ્યું કે ભાજપનું ચરિત્ર લૂંટ પર આધારિત છે. આ બંને મંત્રીઓ પાસેથી ખાતા લઈ લેવાની ચર્ચા ૧૦ દિવસથી હતી.

પૂર્ણેશ મોદી પર આરોપ લગાવતા તેમણે કહ્યું કે રોડ અને બિલ્ડિંગના કોન્ટ્રાક્ટ આપવામાં તેમણે પોતાના માનીતાઓને ગોઠવ્યા હતા. મોટા પાયે નોટનો ખેલ ચાલતો હતો. કોંગ્રેસે કહ્યું કે સુરતમાં ચાલતી હરિફાઈનો ભોગ પૂર્ણેશ ભાઈ બન્યા છે?

# ૫૦૦ કરોડની લોન અને ખંડણી કેસમાં મોટો ખુલાસો, ૨૨ લોકોની ધરપકડ, ચીની કનેક્શન

નવીદિલ્હી,

દિલ્હી પોલીસે બે મહિનાથી વધુ સમય સુધી ચાલેલા એક ઓપરેશનમાં ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની ત્વરિત લોન કમ ખંડણીના રેકેટનો ભાંડો ફોડીને દેશના અલગ અલગ ભાગોમાંથી ૨૨ લોકોની ધરપકડ કરી હતી. આ ગેંગના તાર પાડોશી દેશ ચીન સાથે જોડાયેલા છે અને તેમાં ઘણા ચીની નાગરિકો પણ સામેલ છે.

અધિકારીઓએ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ગેંગ ચીની નાગરિકોના ઈશારા પર કામ કરતી હતી અને ખંડણીના પૈસા હવાલા અને ક્રિપ્ટોકરન્સી દ્વારા ચીનમાં મોકલવામાં આવતા હતા. પોલીસના જણાવ્યા મુજબ, સેંકડો ફરિયાદો દાખલ કરવામાં આવી હતી જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, લોન ઉચ્ચ વ્યાજ દરો પર આપવામાં આવતી હતી અને વ્યાજ સહિતની રકમની સંપૂર્ણ વસૂલાત પછી, ગેંગ તેમના મોર્ફ્ડ કરેલા અશ્લીલ ફોટાઓનો ઉપયોગ કરીને વધુ પૈસા વસુલતી હતી.

દિલ્હી પોલીસના ઈન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન યુનિટે આ ફરિયાદોની નોંધ લીધી અને તપાસ દરમિયાન તેઓને જાણવા મળ્યું કે, આ પ્રકારની ૧૦૦થી વધુ ફરિયાદો મળી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ગેંગ એપ યુઝર્સ પાસેથી ઘણી અયોગ્ય પરવાનગીઓ માંગી રહી હતી. એપ યુઝર્સના કોન્ટેક્ટ્સ, ચેટ્સ, મેસેજ અને ફોટાની એક્સેસ મેળવ્યા બાદ, આ ગેંગ ચીન અને હોંગકોંગ સ્થિત સર્વર પર સંવેદનશીલ માહિતી અપલોડ કરતી હતી.

નાની માત્રામાં લોન ચૂકવવાની આડમાં એપ્સ વિકસાવવામાં આવી હતી. અધિકારીએ કહ્યું કે, યુઝર્સ આવી

(અનુ.પાના.નં.૨)

# પંજાબમાં આતંકી હુમલાને લઈને એલર્ટ, મોહાલી અને ચંદીગઢ ISIના નિશાના પર

ચંડીગઢ,

ભારતમાં આતંકવાદી હુમલો થવાની દહેશત પગલે તંત્ર હાઈ એલર્ટ પર જોવા મળી રહી છે, હાલ આતંકવાદી સંગઠનની નજર ઈન્ડિયા પર હુમલો કરવાની છે, પ્રાપ્ત માહિતી અનુસાર આ સંગઠન સક્રીય છે,જેના પગલે પંજાબમાં આતંકી હુમલાને લઈને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કારણ કે અહીં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ મોહાલી અને ચંદીગઢ પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આતંકી સંગઠન અહીં બસ સ્ટેન્ડને નિશાન બનાવી શકે છે.

પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ પંજાબને હચમચાવી નાખવાનું કાવતરું ઘડી રહી છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ પંજાબ પોલીસને આ અંગે એલર્ટ જાહેર કર્યું છે. એલર્ટ જારી કરતી વખતે ગુપ્તચર એજન્સીઓએ કહ્યું કે આઈએસઆઈએ ચંદીગઢ અને મોહાલીમાં હુમલાનું કાવતરું ઘડ્યું છે.

(અનુ.પાના.નં.૨)

# પાર્ટી અધ્યક્ષ 'ન બનવા' રાહુલ ગાંધી અડગ, 'ગાંધી પરિવાર' સિવાયનું નામ ચર્ચામાં

નવીદિલ્હી,

કોંગ્રેસનું ભાવિ કે આગામી અધ્યક્ષ કોણ હશે તે હજુ સુધી સ્પષ્ટ નથી થઈ શક્યું. જાણવા મળ્યા મુજબ રાહુલ ગાંધી ફરી એક વખત અધ્યક્ષ બનવા માટે રાજી નથી. અધ્યક્ષ પદની જવાબદારી સ્વીકારવા માટે રાહુલ ગાંધીને મનાવવાના તમામ પ્રયત્નો અસફળ રહ્યા છે.



ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મળેલી હાર બાદ રાહુલ ગાંધીએ પાર્ટીના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધું હતું. ત્યારે હવે રાહુલ ગાંધી કોંગ્રેસના સદસ્યોની અપીલને ઠુકરાવીને પાર્ટી અધ્યક્ષ ન બનવા માટેના પોતાના નિર્ણય માટે અડગ છે.

(અનુ.પાના.નં.૨)

# વિધાનસભાની ચૂંટણી પહેલા શંકરસિંહ વાઘેલા લોન્ચ કરશે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી

ગાંધીનગર,

ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. એટલે કે ચૂંટણીમાં હવે ગણતરીના મહિના બાકી રહ્યાં છે. રાજ્યમાં તમામ પાર્ટીઓ ચૂંટણીની તૈયારીઓ કરી રહી છે. આ વચ્ચે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા નવી પાર્ટી બનાવવાના છે. થોડા દિવસમાં શંકરસિંહ વાઘેલા આ નવી પાર્ટીની જાહેરાત કરશે.



પ્રાપ્ત વિગત અનુસાર રાજ્યમાં ચૂંટણી પહેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા એક નવી પાર્ટી લોન્ચ કરશે. શંકરસિંહ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી લઈને આવશે. શંકરસિંહ વાઘેલા ખુબ આ અંગે જાહેરાત કરશે. નોંધનીય છે કે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં પણ શંકરસિંહે જન વિકલ્પના નામે પાર્ટી ઉભી કરી હતી.

ગુજરાતમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુકાબલો થવાનો છે. હવે બાપુની નવી પાર્ટીની જાહેરાત બાદ વિધાનસભા ચૂંટણીમાં ચાર પાર્ટીઓ વચ્ચે જંગ જોવા મળશે. શંકરસિંહની પાર્ટીના મુદ્દા પણ જાહેર થયા છે. તે પ્રમાણે વાર્ષિક ૧૨ લાખ સુધીની આવક ધરાવતા પરિવારને વાર્ષિક ૧૨ લાખનું આરોગ્ય કવચ મળશે. ૧૨ લાખ સુધીની આવક ધરાવતા પરિવારના બાળકોને ગ્રેજ્યુએશન સુધી વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવશે. તો બેરોજગાર યુવાનોને રોજગાર અને બેરોજગારી ભથ્થાની પણ જાહેરાત કરવામાં આવશે.

ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પણ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ સાથે મુલાકાત કરી છે. સ્વામીએ ટ્વીટ કરીને કહ્યુ કે, મારા જનસંઘના જૂના મિત્ર શંકરસિંહ વાઘેલા સાથે આજે મુલાકાત કરી છે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું, 'આજે મેં જનસંઘના જૂના મિત્ર, પૂર્વ ધારાસભ્ય, સંસદ સભ્ય, કેન્દ્રીય મંત્રી અને જનસંઘના જનરલ સેક્રેટરી રહેલા શંકરસિંહ વાઘેલા સાથે મુલાકાત કરી. ભાજપ અને કોંગ્રેસ સાથે મતભેદ બાદ તેમની પોતાની પાર્ટી છે. પરંતુ તેઓ જ્યારે જનસંઘમાં હતા ત્યારે ખુબ સારા મિત્ર હતા. ઘણા વર્ષો પછી તેમની સાથે બેઠક કરી છે.'



# સંતરામપુરના ઉખરેલી ગામે પ્રા.શાળાનું તાળું તોડતા રોકવા જતાં ૭ ઈસમો દ્વારા હુમલો કરાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ઉખરલી ગામે ઘાટીયા પ્રાથમિક શાળાનો તાળું તોડતા રોકવા જતા સાત જણે કરેલો હુમલો. સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામે ગાંઠીયા વર્ગ પ્રાથમિક શાળામાં અજાણ્યા સાત વ્યક્તિ આવીને શાળામાં ઘૂસી ગયા હતા અને લાલસીંગભાઈ અખબારભાઈ ખાટ કેવા લાગ્યા કે તમે શાળાનો તાળો કેમ તોડો છો તેટલું કહેતા સાત જણા ભેગા થઈને અને મંડળી ભેગી બનાવીને પથ્થર વડે છુટો અપમાં ભય પર અને તેમના પરિવાર પર હુમલો કર્યો હતો. શાળાનો રેકોર્ડ બચાવવા માટે અને નુકસાન ના થવા માટે રોકવા જતા સાત જણા હુમલો કર્યો હતો. છૂટા પથ્થરો મારીને હાથ ઉપર અને અન્ય શરીરના ભાગે ગંભીર ઈજાઓ થયેલી હતી. અખમાભાઈ ખાંટ ગભરાઈને સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પહોંચી ગયા હતા અને સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવેલો હતો અને તાત્કાલિક સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવેલા હતા. સંતરામપુર પોલીસે સાતના વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો અને વધુ તપાસ હાથ ધરવામાં આવેલી હતી. પ્રવીણભાઈ મનજીભાઈ ડામોર, રામજીભાઈ મનજીભાઈ ડામોર, કમલેશભાઈ મનજીભાઈ ડામોર, નારસિંગભાઈ મનજીભાઈ ડામોર, અમરાભાઈ મનજીભાઈ ડામોર, શાંતિલાલ મનજીભાઈ ડામોર, સુનિલભાઈ લાલજીભાઈ લાલાભાઈ ડામોર સંતરામપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી.

# શિવ આશીષ ગ્રુપ દ્વારા સમગ્ર સમાજ અને સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરાના બાળકો અને મુસ્લિમ શિક્ષક સાથે ભંડારો યોજાયો



ગોધરા,

આજ આમ માનવી પોતાના સ્વાર્થ માટે કે બહુ તો પોતાનાં પરિવાર માટે જીવતો હોય છે, પરંતુ પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા ખાતે રહેતા એક મુસ્લિમ યુવા શિક્ષકે સાચા અર્થમાં શિક્ષક કભી સાધારણ નહીં હોતા... ઉક્તિ સાર્થક કરી બતાવી છે અને છેલ્લાં ૧૪ વર્ષ થી ગરીબ વિદ્યાર્થીઓનું ભવિષ્યનું સિંચન કરી શિક્ષણની સેવા પીરસી રહ્યા છે.

આપના દેશમાં કેટલાક રાજ્યોમાં જાતિવાદ અને છૂત-અછૂતની ઘટના સામે આવી રહી છે. એવા ગોધરા શહેરમાં રહેતા યુવાન શિક્ષક ઈમરાન નવરચના પ્રાથમિક શાળા સાવલીવાડ ગોધરા શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેમનું કાર્ય પૂર્ણ થતાજ સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરામાં મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ કરાવવા માટે અચુક આવી જાય છે. શિક્ષણ નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. જેમાં વાલ્મીકિ સમાજ, ભોઈ સમાજ, મારવાડી સમાજ, ભરવાડ સમાજ વગેરે સમાજનાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ અર્થે શિક્ષક ઈમરાન પાસે કોઈ નાત જાત કે ઉચનીચ વગર એક મંચ પર શિક્ષણ આપી રહ્યા છે.

આજે રોજ હિન્દુ ધર્મનાં પાવન પર્વ શ્રાવણ માસ દરમ્યાન શિવ આશીષ ગ્રુપ દ્વારા સમગ્ર સમાજ અને સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરાના તમામ સમાજના બાળકો અને મુસ્લિમ સમાજનું ગૌરવ એવા નામાંકિત શિક્ષક ઈમરાન ભંડારમાં સમસ્ત હિન્દુ સમાજ વચ્ચે જમવાનું પીરસ્તા અને જમતાં જમતાં હતા. ત્યારે હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકોએ શિક્ષક ઈમરાનને મળવા માટે ઉત્સુક બની તમામ લોકોએ બે હાથ જોડીને અભિવાદન કર્યું હતું કે શિક્ષક ઈમરાન લગાતાર શિક્ષણ આપી રહ્યા છે. એવા સમયે શિવ આશીષ ગ્રુપ ભોઈ મુકેશભાઈ દ્વારા આ સુંદર રચના સમગ્ર હિન્દુ સમાજ અને એક મુસ્લિમ યુવા શિક્ષક ઈમરાન આવાં દ્રશ્યો જાઈ લોકોમાં કૂતુહલ સર્જાયો અને ઘણા લોકો અહી કોઈ નાત જાત કે ઉચનીચ જોયાં વગર આ ભંડારાનો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહી તેનો લ્હાવો લીધો હતો.

શિક્ષક ઈમરાન શિક્ષાને પોતાનો કર્મ માનનારા તેમનાં હાથ નીચે અભ્યાસ કરેલાં કેટલાય ગરીબ અને મધ્યમ વર્ગના, માતા-પિતા ગુમાવ્યા હોય તેવા બાળકોને મફત શિક્ષણ મેળવી કોલેજ અને ઈજનેરીમાં પ્રવેશ મેળવી નોકરી કરતા થઈ ગયા છે આમ, ગોધરાનું ગૌરવ એવા મુસ્લિમ સમાજનો શિક્ષક ઈમરાન એ સાચાં અર્થમાં ધર્મ, જાતિ, નાતિ, ઉચનીચના ભેદભાવને ભુલીને પોતાના જ્ઞાનની વહેંચણી સમાજનાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે સામાજીક સમરસતા અને લોકમા માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટરની અધ્યક્ષ સ્થાને યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને કલેક્ટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી. આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પદાધિકારીઓ તરફથી રજૂ થયેલાં પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેક્ટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, બાલાસિનોર ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, અધિક નિવાસી કલેક્ટર એ.આઈ.સુથાર, ડીવાયએસપી વળવી, પ્રાંત અધિકારીઓ, તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંત વિસ્તારમાં રોડ ઉપર અકસ્માતની ઘટનામાં મદદરૂપ બન્યા MLA



સંતરામપુર,

સંતરામપુરના સંત વિસ્તારમાં આજરોજ મોડા ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર સંતરામપુર આવતા રસ્તામાં એક્સિડન્ટની ઘટના દેખીને તુરંત પોતાની ગાડી રોકી પોલીસ પેટ્રોલિંગ સાથે અન્ય મિત્રો પણ હતા અને તરત ૧૦૮ બોલાવી સ્થળ પર રોકાઈને કુરેટા ગામના વતની બે યુવક ઈજાગ્રસ્ત થયાં અને તેઓને સંતરામપુરની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર હેઠળ તાત્કાલિક આરોગ્ય સેવાઓ માટે હોસ્પિટલે ખસેડ્યા.

# ગુજરાત અર્ધ લશ્કર સંગઠનની જનજાગૃતિ રેલીની મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં કાર્યક્રમ



લુણાવાડા,

આજે પટેલ દિપેશ ગુજરાત પ્રદેશ પ્રમુખ અને રમણભાઈ મહિસાગર જિલ્લા પ્રમુખ ગુજરાત અર્ધ લશ્કર સંગઠનની અધ્યક્ષતામાં અર્ધ લશ્કર સંગઠન દ્વારા સંતરામપુર તાલુકામાં અર્ધ લશ્કર વિશે લોકો જાણે તે માટે જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ. સુભાષચંદ્ર બોઝ સ્ટેચ્યુ થી રેલીનીકળી નગરના બજાર થી પોલીસ સ્ટેશન થી મામલતદાર ઓફીસ થી બસ સ્ટેશન થી મોટા બજાર થી સુભાષચંદ્ર બોઝ સ્ટેચ્યુ સર્કલ સુધી હતી.

આજની રેલીમાં અનિલભાઈ અને તુલસીભાઈ ગુજરાત પ્રદેશ પ્રમુખ, વીરાભાઈ દાહોદ જિલ્લા પ્રમુખ, વીરાભાઈ મહિસાગર જિલ્લાના ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદાર તેમજ મહિસાગર અર્ધ લશ્કર સંગઠન સમિતિના શહીદ પરિવાર અને નિવૃત જવાનો હાજર રહ્યા હતા. જેમાં મહિલા દાહોદ પ્રમુખ સાગરબેન અને મહિસાગર મહિલા પ્રમુખ નર્મદાબેન અને અન્ય વીરાંગના બહેનો વીર નારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પંચમહાલ જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨માં ભાગ લેવા યુવા નાગરિકોને અનુરોધ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ તા.૧૨.૦૮.૨૦૨૨થી શરૂ થયેલ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી ૪-રવિવાર ખારા ઝુંબેશ તરીકે નક્કી થયેલ છે. તે અંતગર્ત તા.૨૧/૦૮/૨૦૨૨નાં રોજ દરેક બી.એલ.ઓ. તેમના બુથ પર સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી ફોર્મ સ્વિકારવા/ ભરવા સુચના આપવામાં આવેલ છે. પંચમહાલ જિલ્લાના તમામ યુવા નાગરિકો કે જેઓ તા.૦૧.૧૦.૨૦૨૨ના રોજ ૧૮-વર્ષ પુર્ણ થતાં હોય તેવા નાગરિકો તેઓના નામ મતદારયાદીમાં દાખલ કરવા માટે ફોર્મ નં.૬ ભરે તેવી અપીલ છે. વધુમાં nvsp.in, Voter Helpline App (VHA), Voter Portal જેવા ડીઝીટલ માધ્યમો દ્વારા પણ ફોર્મ ભરી શકાય છે. પંચમહાલ જિલ્લાના તમામ મતદારોને વિનંતી કે મતદાર યાદીમાં તેઓ સ્વેચ્છાથી તેઓના મતદારયાદીમાં આધારકાર્ડ લીંક કરવા ફોર્મ નં.૬ ઇ ભરી શકે છે. મતદારયાદીમાં આધારકાર્ડ લીંક કરવા માટે BLO પાસે તેમજ ઓનલાઇન Voter Helpline App (VHA) એપ્લીકેશન મારફતે જાતે પણ મતદારયાદીમાં આધારકાર્ડ લીંક કરી શકે છે. તેમ નાયબ જિલ્લા ચુંટણી અધિકારી પંચમહાલ ગોધરાએ એક અખબાર યાદીમા જણાવેલ છે.

# હાલોલ કંજરી બાયપાસ હાઈવે પર લકઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત : જાનહાનિ ટળી

હાલોલ,

પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શને સુરતના યાત્રિકોની લકઝરી બસ અને એક ટ્રક વચ્ચે હાલોલ નગરની બહાર આવેલા કંજરી બાયપાસ હાઈવે રોડ પર અકસ્માત સર્જાયો હતો. સદ્‌નસીબે અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ બનવા પામી ન હતી.

પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કર્યા બાદ સુરતના વરાછા વિસ્તારના યાત્રિકો મીનાવાડા, અને ફાગવેલ સહિતના ધાર્મિક સ્થળોના દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન નગરની બહાર કંજરી બાયપાસ હાઈવે રોડ પર લકઝરી બસ પુરઝડપે ચાલી રહી હતી તે દરમિયાન એકાએક સ્પીડબ્રેકર આવી જતા બસના ચાલકે પોતાની બસને અચાનક બ્રેક મારતા બ્રેક ન લાગતા ઝાટકા સાથે બસ સ્પીડબ્રેકરને કુદી આગળ મુખ્ય હાઈવે રોડ પર ચાલતી એક લોડિંગ ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં લકઝરી બસ ટ્રકની પાછળ અથડાતા અકસ્માત સર્જાતા અકસ્માત જોઈ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ખાનગી ટ્રાવેલ્સ કંપનીની બસ અને ટ્રકના અકસ્માતને પગલે એકમાત્ર બસના કંડકટરને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

(પાન નં.૧ નું ચાલુ)

## ૫૦૦ કરોડની લોન....

એપ્સમાંથી કોઈ એકને ડાઉનલોડ કરતા, એપને પરવાનગી આપતા અને લોનની રકમ મિનિટોમાં તેમના ખાતામાં જમા થઈ જતી હતી.

ડીસીપી કેપીએસ મલ્હોત્રાએ જણાવ્યું કે, ત્યારબાદ લોન લેનાર વ્યક્તિને અલગ અલગ નંબરો પરથી કોલ આવવાનું શરૂ થઈ જતું હતું જે નકલી ID પર લેવામાં આવ્યા હતા, જે એવી ધમકી આપી પૈસાની ઉઘરાણી કરતાં હતા કે, જો તેમણે પૈસા નહીં આપ્યા તો તેમના મોર્ફ્ડ કરેલા અશ્લીલ ફોટા ઈન્ટરનેટ પર અપલોડ કરી દેવામાં આવશે. ડીસીપીએ કહ્યું કે, સામાજિક બદનામી અને કલંકના કારણે યુઝર્સ તેમને પૈસા આપતા હતા, જે પછી હવાલાના માધ્યમથી અથવા ક્રિપ્ટોકરન્સી ખરીદ્યા પછી ચીન મોકલાવવામાં આવતા હતા.

એક વ્યક્તિ જેને ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયા સુધીની નાની લોનની સખ્ત જરૂરિયાત હતી, તેને બદલામાં ઘણા લાખ ચૂકવવા માટે મજબૂર કરવામાં આવતી હતી. પોલીસે કહ્યું કે, આના કારણે ઘણા લોકોએ આત્મહત્યા પણ કરી છે. તેમણે કહ્યું કે, આ ગેંગે ઘણા ખાતાઓનો ઉપયોગ કર્યો અને દરેક ખાતામાંથી દરરોજ ૧ કરોડ રૂપિયાથી વધુ મેળવ્યા.

પોલીસને જાણવા મળ્યું કે, આ નેટવર્ક દિલ્હી, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ફેલાયેલું છે. મલ્હોત્રાએ કહ્યું કે, બે મહિલાઓ સહિત ૨૨ લોકોની દેશના અલગ-અલગ ભાગોમાંથી ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન, તેઓએ ખુલાસો કર્યો કે તેઓ ચીની નાગરિકોના ઈશારા પર કામ કરતા હતા. વસૂલીના સંબંધમાં તમામ ડેટા તે દેશના સર્વરો પરથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે, કેટલાક ચીની નાગરિકોની ઓળખની પુષ્ટિ કરવામાં આવી છે અને તેમને શોધીને તેમની ધરપકડ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પોલીસની કાર્યવાહી બાદ, આ ગેંગના સાગરિતો તેમના રિકવરી કોલ સેન્ટરોને પાકિસ્તાન, નેપાળ અને બાંગ્લાદેશમાં શિફ્ટ કરી રહ્યા છે. પોલીસે કહ્યું કે, અત્યાર સુધીમાં ચીની નાગરિકો દ્વારા ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની ઉચાપત કરવામાં આવી ચૂકી છે.

## પંજાબમાં આતંકી હુમલાને....

એલર્ટ મુજબ આતંકવાદીઓ ચંદીગઢ અને મોહાલીમાં હુમલો કરી શકે છે અને બસ સ્ટેન્ડને નિશાન બનાવી શકે છે.

ઈન્ટેલિજન્સ એજન્સીઓએ પંજાબ પોલીસ, જીઆરપી, સ્ટેટ ઈન્ટેલિજન્સ એજન્સીને પોતાની વચ્ચે સંકલન કરીને ઈનપુટ્સ પર કામ કરવા કહ્યું છે. જણાવી દઈએ કે છેલ્લા ૩ દિવસ પહેલા ગુપ્તચર એજન્સીઓએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી સંગઠન ટીઆરએફમાં આતંકી હુમલાનું એલર્ટ જાહેર કર્યું હતું.એ યાદ રહે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં પંજાબના પ્રવાસ પર જવાના છે આથી પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી રહી છે.

## પાર્ટી અધ્યક્ષ 'ન બનવા'....

પાર્ટીના વર્તમાન અધ્યક્ષ સોનિયા ગાંધીએ પણ સ્વાસ્થ્યના કારણોસર ફરી અધ્યક્ષ બનવા માટે ઈનકાર કરી દીધો છે. આ કારણે ૧૩૭ વર્ષ જૂની રાજકીય પાર્ટીના મોટા ભાગના સદસ્યો અધ્યક્ષ પદ માટે પ્રિયંકા ગાંધી વાડ્રા તરફ મીટ માંડીને બેઠા છે. તેમના મતે ગાંધી પરિવારનું સદસ્ય જ પાર્ટીને સારી રીતે સંભાળી શકશે. ઉપરાંત પ્રિયંકા વાડ્રાનું ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકેનું પ્રદર્શન પણ તેમના સૌના મનમાં છે.

જોકે તે સિવાય પાર્ટીના અધ્યક્ષ પદ માટે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતનું નામ પણ ચર્ચામાં છે. મતલબ કે આ વખતે કોંગ્રેસના નવા અધ્યક્ષ તરીકે બિનગાંધી નેતાના નામને સ્વીકારવામાં આવે તેવી શક્યતા છે.

સામાન્ય સહમતીના અભાવના કારણે શનિવાર સવારથી શરૂ થનારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ માટેના ચૂંટણી કાર્યક્રમ પર અનિશ્ચિતતાના વાદળો છવાઈ રહ્યા છે. જોકે પાર્ટીએ હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન બહાર નથી પાડ્યું.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જામનગર પ્રાણી સંગ્રહાલય સામેની PIL સુપ્રીમે ફગાવી

નવીદિલ્હી,

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ગુજરાતના જામનગર ખાતે પ્રાણી સંગ્રહાલય બનાવવાની મંજૂરીને પડકારતી પીઆઈએલને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું અરજીમાં કોઈ દલીલ કે આધાર આપવામાં આવ્યો નથી. જસ્ટિસ દિનેશ મહેશ્વરી અને જસ્ટિસ કૃષ્ણા મુરારીની બેન્ચે ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યૂ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર દ્વારા પ્રાણીઓના સંપાદન પર પ્રતિબંધની માંગ કરતી વકીલની અરજીને ફગાવી દીધી હતી.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર એક માન્ય પ્રાણીસંગ્રહાલય તેમજ બચાવ કેન્દ્ર છે તે અંગે વિવાદને કોઈ અવકાશ નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા પ્રાણી સંગ્રહાલય અને બચાવ કેન્દ્રોની માન્યતામાં કોઈ કાયદાકીય છટકબારી નથી.

ખંડપીઠે જણાવ્યું હતું કે, "પ્રતિવાદી નંબર-૨ના નિપુણતાના અભાવ અથવા વ્યાપારીકરણના અરજદારના આક્ષેપો અનિશ્ચિત છે અને એવું લાગતું નથી કે તેણે (અરજીકર્તા) આ કોર્ટમાં હાજર થતાં પહેલાં જાહેર હિતની અરજીના અધિકારક્ષેત્રનો ઉપયોગ કર્યો છે." અરજદાર કન્હૈયા કુમારે ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટરના સંચાલન માટે એસઆઈટીની રચના કરવાની પણ માંગ કરી હતી.

કોર્ટે આદેશમાં નોંધ્યું કે, કેન્દ્રીય પ્રાણીસંગ્રહાલય સત્તામંડળ દ્વારા પ્રાણી સંગ્રહાલય અને બચાવ કેન્દ્રને માન્યતા આપવામાં કોઈ કાનૂની નબળાઈ નથી. પ્રતિવાદી નંબર ૨ ના ભાગ પર કુશળતાના અભાવ અંગે અથવા વ્યાપારીકરણ સંબંધિત અરજદારના આક્ષેપો અનિશ્ચિત રહે છે અને એવું લાગતું નથી કે અરજદારે પીઆઈએલ અધિકારક્ષેત્રમાં આ અદાલતને ખસેડતા પહેલા જરૂરી સંશોધન કર્યું છે.

"અમને અવલોકન કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે કે અરજદાર પોતે આ ક્ષેત્રના નિષ્ણાત નથી અને તેણે અરજી માત્ર સમાચાર-અહેવાલોના આધારે કરી છે, જે પણ નિષ્ણાત દ્વારા કરવામાં આવી હોય તેવું લાગતું નથી. કોઈ પણ સંજોગોમાં, જ્યારે વિષય ક્ષેત્ર તેની કાળજી લેવાની છે, અને તે પ્રતિવાદી નંબર ૧ (સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી) ની દેખરેખ હેઠળ છે, અને તેના તરફથી કોઈ નબળાઈ જણાતી નથી, પીઆઈએલ અધિકારક્ષેત્રની વિનંતીને સ્વીકારી શકાતી નથી," તેમ પીટીઆઈ ના અહેવાલમાં જણાવાયું છે.

# ડોન દાઉદ ઈબ્રાહિમનો ભાઈ ઈકબાલ કાસકર હોસ્પિટલમાં દાખલ

મુંબઈ,

પાકિસ્તાનના કરાચીથી મુંબઈ અંડરવર્લ્ડનો કારોબાર ચલાવી રહેલા ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરને હવે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સમાચાર અનુસાર, ઈકબાલ કાસકરને મુંબઈની જેજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઈકબાલ કાસકરે ગઈકાલે રાત્રે અચાનક છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી. જે બાદ તેને થાણેની તલોજા જેલમાંથી મુંબઈની જેજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, ઈકબાલ કાસકર હાલમાં ખંડણી કેસમાં ન્યાયિક કસ્ટડીમાં છે અને તે થાણેની તલોજા જેલમાં સજા ભોગવી રહ્યો છે. તાજેતરમાં જ એનઆઈએએ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહિમ અને અન્ય વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. વાસ્તવમાં, એનઆઈએએ આ ગુનાહિત કેસ ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમની કલમો હેઠળ નોંધ્યો હતો. નોંધપાત્ર રીતે, ઈડી કથિત રીતે દાઉદ ઈબ્રાહિમની મુંબઈમાં ગેરકાયદેસર રીતે મિલકતોની ખરીદી અને હવાલાના વ્યવહારોની પણ તપાસ કરી રહી છે.

# આપની આજ.......

મેષ : આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

વૃષભ : આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન : આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો.

કર્ક : આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

સિંહ : આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા : આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા : આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક : ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

ધનુ : વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

મકર : આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ : આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન : આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે.

# લીમખેડામાં ત્રણ જુગાર સ્થળે રેઈડ કરી ૩૦ જુગારીયાને ૮૦ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી એક સાથે ત્રણ સ્થળોએ પોલીસે શ્રાવણીયા જુગાર ધામ પર ઓંચિતો છાપો મારી ત્રણેય સ્થળોથી મળી કુલ રૂા. ૮૦,૬૭૫ ના મુદ્દામાલ સાથે પોલીસે ૩૦ જુગારીઓને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

પોલીસે જુગારનો પ્રથમ છાપો પાલ્લી ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા. ૧૯મી ઓગષ્ટના રોજ પાલ્લી ગામે રેલ્વે સ્ટેશન ફળિયામાં જાહેરમાં જુગાર રમતાં રમણભાઈ ભુરાભાઈ ચૌહાણ, નરવતભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ, કિરણભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ, મહેશભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ, રાહુલભાઈ પર્વતભાઈ હરીજન, પ્રથમભાઈ રતિલાલ સોલંકી, ભુપતભાઈ મગનભાઈ ચૌહાણ, અલ્કેશભાઈ મોહનભાઈ ચૌહાણ અને અરવિંદભાઈ ગોપાળભાઈ ચૌહાણને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૩,૧૩૫ની રોકડ રકમ સાથે ઝડપી પાડી લીમખેડા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુગારની બીજો છાપો પોલીસે પાલ્લી ગામેજ સ્ટેશન ફળિયામાં પાડ્યો હતો હતો જેમાં ગત તા.૧૯મી ઓગષ્ટના રોજ પાલ્લી ગામે સ્ટેશન ફળિયામાં ખુલ્લી જગ્યામાં રમાતા રમાતા જુગાર ધામ પર ઓંચિતો છાપો મારતાં પોલીસે જુગાર રમી રહેલ ચંદુભાઈ પ્રતાપભાઈ ચૌહાણ, રાકેશભાઈ નગીનભાઈ સોલંકી, રઈશભાઈ હકીમભાઈ કુરેશી, આરીફ સઈદ કુરેશી, ફીરોઝ અબીબ કુરેશી, ગોપાળભાઈ ધીરાભાઈ ચૌહાણ, અરવિંદભાઈ મડીયાભાઈ સંગાડા, દિલીપભાઈ ફકીરચંદ દેવારા, ઉમેશભાઈ ગુલાબભાઈ શાહ, અબ્બાસ અલી શેરઅલી મકરાણી, હીરાભાઈ પ્રતાપભાઈ ચૌહાણ, રિઝવાન હબીબ કુરેશી, કમલેશભાઈ અભેસીંગભાઈ માવી અને રાજુભાઈ મંગળભાઈ ચૌહાણને પોલીસે ઝડપી પાડી પોલીસે ઉપરોક્ત જુગારીઓની અંગ ઝડતી અને દાવ પરથી રોકડા રૂપીયા ૧૦,૨૫૦ અને મોબાઈલ ફોન નંગ. ૦૭ મળી પોલીસે કુલ રૂા. ૪૦,૫૩૦ નો મુદ્દામાલ લીમખેડા પોલીસે કબજે કરી ઉપરોક્ત જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુગારનો ત્રીજો છાપો પોલીસે લીમખેડા તાલુકાના ધાનપુર પાટડી ગામે ભરવાડ ફળિયામાં પાડવામાં આવ્યો હતો. પોલીસે ધાનપુર પાટડી ગામે ભરવાડ ફળિયામાં રમાતા જુગાર ધામ પર ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા અર્જુનભાઈ કાનજીભાઈ ભરવાડ, વિપુલભાઈ મનસુખભાઈ ભરવાડ, પ્રકાશભાઈ કાનજીભાઈ ભરવાડ, રાકેશભાઈ દલાભાઈ ભરવાડ, રાહુલભાઈ ભુરસીંગભાઈલ કટારા અને ઈશ્વરભાઈ દલાભાઈ ભરવાડને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૭,૦૧૦ અને ૪ નંગ. મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૭,૦૧૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે ઉપરોક્ત જુગારીઓ વિરૂધ્ધ લીમખેડા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના વરોડ ગામે જુગાર રમતા ૬ જુગારીયા ઝડપ્યા

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના વરોડ ગામે શ્રાવણીયો જુગાર રમતાં ૬ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી રોકડા રૂપીયા ૧૧,૨૬૦ તેમજ ૪ નંગ. મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૫,૨૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૦મી ઓગષ્ટના રોજ વરોડ ગામે દમેળા ફળિયામાં રમાતા જુગાર ધામ પર પોલીસને મળેલ મળેલ બાતમીના આધારે ઓચિંતો છાપો મારતાં જુગાર રમી રહેલા અજયભાઈ સોમસિંહભાઈ અડ, સતિષભાઈ વાલસીંગભાઈ ડામોર, નિતેષભાઈ સુરપાળભાઈ તુવર, ધર્મેશભાઈ ઈશ્વરભાઈ ડાંગી, સાગરભાઈ શૈલેષ ઉર્ફે ડાંગી અને અમિતભાઈ દસુભાઈ ડાંગીનાઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૧,૨૬૦ તેમજ ૪ નંગ. મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૫,૨૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ૬ જુગારીઓ વિરૂધ્ધ લીમડી પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમડી ડબગરવાસમાં જુગાર રમતા ૧૧ જુગારીયાને ઝડપ્યા

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ડબગરવાસમાં પોલીસને મળેલ બાતમીના આધારે જુગાર ધામ પર ઓચિંતો છાપો મારતાં શ્રાવણીયો જુગાર રમી રહેલા જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા ૧૧ જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૨૮,૬૩૦ અને ૮ નંગ. મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૯૮,૬૩૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

લીમડી નગરમાં ડબગરવાસમાં રમાતા જુગાર ધામ પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગાર રમી રહેલા મયંકભાઈ લોકેન્દ્રભાઈ ગડરીયા, દેવકુમાર દિનેશભાઈ ધોબી, રોહિતકુમાર પ્રદિપભાઈ વણજારા, જીતેશભાઈ બાબુભાઈ ચૌહાણ, શનીકુમાર દિલીપભાઈ દેવડા, જયદીપભાઈ ભીખાભાઈ ચૌહાણ, અફતાબભાઈ અસગરભાઈ શેખ, અજયભાઈ મહેશભાઈ ચૌહાણ, જીતુભાઈ નટુભાઈ ગડરીયા, રાકેશભાઈ રમેશભાઈ દેવડા અને હાર્દિકકુમાર રાજુભાઈ વણજારાને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૨૮,૬૩૦ અને ૮ નંગ. મોબાઈલ મળી કુલ રૂા. ૯૮,૬૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી લીમડી પોલીસે ઉપરોક્ત તમામ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં જન્માષ્ટમીની ધામધૂમ થી ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં જનમાષ્ટમી પર્વની લોકોએ ધામધુમ પુર્વક ઉજવણી કરી હતી. દાહોદ શહેરના કેટલાંક વિસ્તારોમાં મટકી ફોડ કાર્યક્મ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ મટકી ફોડ કાર્યક્રમ નિહાળ્યો હતો. વહેલી સવારથી જ દાહોદ શહેરના ભગવાન કૃષ્ણ મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

જનમાષ્ટમી પર્વની દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓએ ભકિતભાવ, હર્ષોઉલ્લાસ સહિત આનંદમય વાતાવરણ વચ્ચે જનમાષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. વહેલી સવારથી લઈ મોડી સાંજ સુધી ભગવાન કૃષ્ણ મંદિરોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને કારણે મંદિરોમાં વિવિધ કાર્યક્રમો સહિત મટકી ફોડ કાર્યક્રમનો મોકુફ રાખવામાં આવ્યાં હતાં ત્યારે આ વર્ષે દાહોદમાં ભગવાન કૃષ્ણ મંદિરોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન સાથે સાથે મટકી ફોડ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. દાહોદ શહેરમાં ગોવિંદનગર, ગોદીરોડ, દેસાઈવાડા, પરેલ વિગેરે જેવા વિસ્તારોમાં મટકી ફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં. મટકી ફોડ કાર્યક્રમનો લોકોએ ઉત્સવ અને ઉમંગ સાથે નીહાળ્યો હતો. આ વર્ષે ફરી દાહોદ શહેરમાં સ્ટેશન રોડ વાસપોડીયા વિસ્તાર ખાતે જનમાષ્ટમીનો મેળો પણ ભરાયો હતો. આ મેળામાં મોટી સંખ્યામાં દાહોદના આસપાસના વિસ્તારના લોકો મેળા જોવા ઉમટી પડ્યાં હતાં.

## લીમખેડા વિધાનસભાના કોંગ્રેસના ઈન્ચાર્જનું ચાલું મીટીંગમાં હાર્ટ એટેક થી મોત થતાં ગમગીની

લીમખેડા,

દાહોદ જિલ્લાના રાજકારણમાં આજરોજ ભુકંપ સર્જાઈ જવા પામ્યો છે અને ખાસ કરીને કોંગ્રેસના રાજકારણમાં ભુકંપ સર્જાઈ જવા પામ્યો હતો. કોંગ્રેસના લીમખેડા વિધાન સભાના ઈન્ચાર્જનું આજરોજ ચાલુ મીટીંગમાં હદય રોગના હુમલાને પગલે મોત નીપજતાં કોંગ્રેસ વર્તુળમાં ગમગીનીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.



દાહોદ જિલ્લામાં કોંગ્રેસના લીમખેડા વિધાન સભાની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટીંગમાં કોંગ્રેસના આગેવાનો સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર હતાં તે સમયે લીમખેડા વિધાનસભાના ઈન્ચાર્જ ભરતભાઈ વહોનીયાનું ચાલુ મીટીંગમાં અચાનક હદય રોગના હુમલામાં મોત નીપજતાં કોંગ્રેસ આલમમાં ગમગીનીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. કહેવાઈ રહ્યું છે કે, કોંગ્રેસના પ્રથમ હરોળના ભરતભાઈ વહોનીયા માનવામાં આવતાં હતાં. ભરતભાઈ વહોનીયા સતત પોતાની પાર્ટીમાં કાર્યરત રહેતાં હતાં અને તેઓની ઉપસ્થિતી દરેક પાર્ટીના કાર્યક્રમમાં હાજરી જોવા મળતી હતી. લીમખેડા સીટ ઉપર આગામી વિધાનસભાની ચુંટણીના દાવેદર પણ ભરતભાઈ વહોનીયા ગણાં હતાં. ત્યારે આજના તેઓના અવસાનના સમાચારને પગલે દાહોદ જિલ્લાના રાજકારણમાં ગમગીનીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. ત્યારે ભરતભાઈ વહોનીયાના આકસ્મીક મોતને પગલે પરિવારજનો સહિત ગ્રામજનોમાં પણ શોકનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો.

## દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક ડીડીઓની અધ્યક્ષતામાં યોજાઇ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતેના સભાગૃહ ખાતે આજે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સંકલન સમિતિની બેઠક ભાગ એકમાં ધારાસભ્યઓના પ્રશ્ન લેવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા વિકાસ અધિકારીએ સંબધિત વિભાગના અધિકારીઓને આ પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

બેઠકમાં ધારાસભ્ય વજેસિંહ પણદાએ મનરેગા યોજના અંતર્ગત મંજૂર કરાયેલા કામોની વિગતો, પૂર્ણ થયેલા કામો તેમજ બાકી કામોની વિગત વિશે પૃચ્છા કરાઈ હતી. સંકલન બેઠકમાં ધારાસભ્યઓના પ્રશ્નોનો સકારાત્મક ઉત્તર અપાયા હતા. ઉપરાંત દાહોદ નગરપાલિકા દ્વારા થયેલા કામો અને બાકી કામો તેમજ પીવાના પાણી, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, ગ્રામ પંચાયત, રસ્તા, ચોમાસાના ભરાતા વરસાદી પાણીના નિકાલ માટેના પ્રશ્નો રજુ કર્યા હતા. આ પ્રશ્નોનો તાકીદે નિકાલ કરવા જિલ્લા વિકાસ અધિકારીએ ઉપસ્થિત અધિકારીઓને સુચનો આપ્યા હતા. બેઠકમાં ડીડીઓએ સી.એમ.ડેસ્કબોર્ડ અંતર્ગત સમયમર્યાદામાં કામગીરી કરવા ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેકટર એ.બી. પાંડોર, ડીઆરડીએ નિયામક બલાત, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના જાલત ગામે અકસ્માતના ગુનામાં કાર ચાલકને ૨ વર્ષની કેદની સજા ફટકારતી કોર્ટ

દાહોદ,

જાલત ગામે વર્ષ–૨૦૧૮માં ચાલકે ગફલતથી કાર રિવર્સ લઈને મહિલા સહિત બેને અડફેટમાં લેતા યુવકનુ મોત નીપજયું હતુ. આ કેસ દાહોદની કોર્ટમાં ચાલી જતા કોર્ટે આ પ્રકરણમાં ચાલકને બે વર્ષની સખ્ત કેદ સાથે ૬૫૦૦નો દંડ ફટકાર્યો હતો. માર્ગ અકસ્માતના મહત્તમ કેસમાં સજા થતી ન હોવાનો લોકોમાં ભ્રમ હતો ત્યારે કોર્ટે આ સજા ફટકારીને લોકોનો ભ્રમ તોડ્યો હતો.

જાલત ગામમાં ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૮માં થાવલીબેન અને રાકેશભાઈ અવંતિકા હોટલની સામે બાંકડા પર બેસીને ચા–નાસ્તો કરી રહ્યા હતા તે દરમિયાન રાતના કારને દાહોદના મુસ્તુફા અઝીઝ કુવાઝરવાલાએ ગફલતભરી રીતે રિવર્સમાં લીધી હતી. જેથી આ બંને અડફેટમાં આવીને ગંભીર રૂપે ઘાયલ થયા હતા. રાકેશભાઈનુ સારવાર દરમિયાન મોત થયુ હતુ. આ અંગેનો કેસ ત્રીજા એડિ.જયુડિ. મેજી.એસ.એલ. રબારીની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ એમ.પી.બારીયાની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે મુસ્તુફા કુવાઝરવાલાને બે વર્ષની સખ્ત કેદ અને કુલ ૬૫૦૦ રૂ.નો દંડ ફટકાર્યો હતો. આ સાથે તેનુ ડ્રાઈવિંગ લાયસન્સ પણ બે વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# દે.બારીયા વિધાનસભા બેઠકના આપના ઉમેદવાર જાહેર થતાં રાજકીય ગરમાવો

દાહોદ,

હાલ વિધાનસભા ની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે અને રાજકીય પક્ષ પોતપોતાની પાર્ટીના પ્રચાર રૂપે સકતી પ્રદર્શન કરી રહ્યા છે. પોતાની પાર્ટી થી અસંતોષ થતાં પોતાની પાર્ટી છોડી બીજી પાર્ટીને સમર્થન આપી રહ્યા છે. તેમાં કોંગ્રેસના ગઈ વિધાનસભાના ઉમેદવાર હાલમાં આપ પાર્ટી ને સમર્થન આપતા તેમનું નામ વિધાનસભાના ઉમેદવાર તરીકેનું નામ જાહેર કરતા રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

દેવગઢ બારીયા વિધાનસભાના આપ પાર્ટીના ઉમેદવારનું નામ જાહેર થતા રાજકીય ગરમાવો.

પ્રાપ્ત વિગતો મુજબ ૧૩૪, વિધાનસભા મતવિસ્તાર દેવગઢબારીયા ખાતે આમઆદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ભારત વાખળાનું નામ પાર્ટી તરફથી સત્તાવાર રીતે જાહેર થતા દેવગઢબારીયા વિસ્તારમાં હવે રાજકીય ગરમાવો આવ્યો છે.

૨૦૧૭ ની સાલમાં દેવગઢ બારીયા વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડેલા ભારત વાખળા એ ૬૦,૦૦૦ જેટલાં મત મેળવ્યા હતા અને ભાજપાની જીત થઈ હતી અને કોંગ્રેસમાં કારમી હાર થયા પછી ગામડામાં ફરીથી કોંગ્રેસ પક્ષને ઉભી કરવા મહેનત કરી નામના મેળવી અને છેલ્લે કોંગ્રેસ પક્ષ છોડી આખરે આમઆદમી પાર્ટીનું ઝાડુ પકડી ફરીથી એકવાર વિધાનસભા ચૂંટણીમાં ઝંપલાવશે તે હવે નકકી છે. આમઆદમી પાર્ટી વિધાનસભાના ઉમેદવાર માટે લાંબા સમય થી અવઢવમાં હતી અને છેલ્લે કુંવારી કન્યાને જાણે કે મુરતિયો મળી ગયો હોય તેમ ઉમેદવાર જડી ગયો. હવે કોંગ્રેસ પક્ષમાં ટિકિટ કોને મળશે તે માટે વિચારવું રહ્યું. જયારે ભાજપામાં તો ટિકિટ મેળવવા માટે લાંબી યાદી બનશે તેવું સંભળાઈ છે.

## દાહોદ જ્વેલર્સની દુકાનમાં ખરીદી કરતી મહિલાની નજર ચુકવી ત્રણ મહિલાઓએ ૨૫ હજારના છડા લઈ ફરાર

દાહોદ,

દાહોદ શહેરમાં એક જ્વેલર્સની દુકાનમાં ખરીદી કરતી એક મહિલાની નજર ચુકવી ત્રણ અજાણી મહિલાઓ ૨૫,૦૦૦ની કિંમતના ચાંદીના છડા લઈ ફરાર થઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૨૦મી ઓગષ્ટના રોજ દાહોદ શહેરના પડાવ વિસ્તાર ખાતે નેતાજી બજાર ખાતે રહેતાં મીત નિલેશકુમાર સોનીના માતા બિંદુબેન દાહોદ શહેરના એ.પી.એમ.સી. માર્કેટ ગેટ નં. ૧ની સામે આવેલ મહાદેવ જ્વેલર્સની દુકાનમાં ખરીદી કરતાં હતાં અને તેઓની પાસે ૨૫,૦૦૦ની કિંમતના ૪ નંગ. છડા બોક્ષમાં હતાં. આ છડાને કોઈ અજાણી ત્રણ મહિલાઓ દ્વારા જ્વેલર્સની દુકાને આવી બિંદુબેનની નજર ચુકવી છડા લઈ ફરાર થઈ જતાં ઘટનાને પગલે સ્થળ પર ઉહાપોહ મચી જવા પામ્યો હતો.

આ સંબંધે મીત નિલેશકુમાર સોનીએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં ૨૨ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ શહેરમાં એક ૨૨ વર્ષીય યુવકે અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખા ઉપર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામ્યો હતો.

ગત તા.૨૦મી ઓગષ્ટના રોજ દાહોદ શહેરના ગોદી રોડ ખાતે આવેલ મધુરમ સોસાયટી ખાતે રહેતાં ૨૨ વર્ષીય હરેન્દ્ર ઉર્ફે શિવા ઉર્ફે શિવમ ઓમપ્રકાશ મિસ્ત્રીએ પોતાના ઘરના રસોડામાં આવેલ પંખા ઉપર ઓઢણી બાંધી અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારજનોમાં ગમગમીનીનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે પોલીસ સ્થળ પર દોડી આવી મૃતક હરેન્દ્રભાઈના મૃતદેહને પંખા ઉપરથી નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આપ્યાં હતાં.

આ સંબંધે દાહોદ શહેરના ગોદી રોડ ખાતે મધુરમ પાર્ક ખાતે રહેતાં ગિરધારીલાલ ધનશ્યામભાઈ મિસ્ત્રીએ દાહોદ શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે.

## ફતેપુરામાં આહાર દ્વારા ગોકુળ આઠમની અનોખી ઉજવણી




ફતેપુરા,

રૂપાખેડાના પર્વતભાઈ વાદી એ ૧૦૮ એમ્બ્યુલન્સ ના ડ્રાયવર ની ફરજ બજાવતા હતા.એક દિવસ તેમની પત્ની સાથે તેઓ બાઈક પર જતાં હતા. ત્યારે અકસ્માત થતા તેમની કમરનો એક મણકો ભાગી ગયો અને તેમના માથામાં ગંભીર ઈજા થઈ વળી પત્નીના એક હાથના આંગળા પણ કપાઈ ગયા. સરકાર તરફથી રૂપિયા ત્રણ લાખ સહાય મળી ,પણ મગજની અને મણકાની સારવારના નવ લાખ રૂપિયા થતા તેઓ આર્થિક રીતે ભાગી પડ્યા.તેમની એક છોકરી અને એક છોકરાને પૈસાના અભાવે વધુ અભ્યાસ મુલતવી રાખવો પડ્યો.સરકારે પર્વતભાઈને કલેકટર કચેરીમાં બેઠા બેઠની બીજી નોકરી આપી પણ મણકાની તકલીફને લીધે તેઓ લાંબો સમય બેસી પણ શકતા ન હોઈ સ્વેચ્છાએ રાજીનામુ આપી દીધું. બે મહિના પહેલા તેમની માંગણી મુજબ અમોએ તેમને ૧૫ કિલો ઘઉં આપેલ પણ ગયા અઠવાડિએ અમોએ રૂપાખેડા તેમના ઘરની રૂબરૂ મુલાકાત લેતા તેઓને વધુ સહાય આપવા જેવું લાગતા આજે ગોકુળ આઠમના દિવસે તેઓને આહાર દ્વારા દાળ–ચોખા–ઘઉં–તેલ–ચા–મોરસ તથા રૂપિયા ૧૦૦/– ભાડાના અને ૧૩૦ જેટલા ગરીબોને દાળ, ભાત, શાક, રોટલી, ફરાળી ચેવડો, કેલા અને ૫૦૦ ગ્રામ કાચા ચોખા આપી સાચા અર્થમાં ગોકુળ આઠમની ઉજવણી કરી.

## દાહોદ પાલિકાના વિકાસના કામોનો મુદ્દો સંકલનની મિટીંગમાં ઉઠવા પામ્યો

દાહોદ,

દાહોદ સેવાસદનમાં સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક ડી.ડી.ઓ. નેહાકુમારીની અધ્યક્ષતમાં યોજાઈ હતી. સંકલન સમિતિની બેઠક ભાગ એકમાં ધારાસભયોના પ્રશ્ન લેવાયા હતા. જેમાં સંબંધિત અધિકારીઓને આ પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા માટે સુચનો કર્યા હતા. ધારાસભ્ય વજેસિંહ પણદાએ મનરેગા યોજના અંતર્ગત મંજુર કરાયેલા કામોની વિગતો, પુર્ણ થયેલા કામો તેમજ બાકી કામોની વિગત વિશે પૃચ્છા કરાઈ હતી. સંકલન બેઠકમાં ધારાસભ્યોના પ્રશ્નોનો સકારાત્મક ઉત્તર અપાયા હતા. ઉપરાંત દાહોદ નગરપાલિકા દ્વારા થયેલા કામો અને બાકી કામો તેમજ પીવાના પાણી, પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, ગ્રામ પંચાયત, રસ્તા, ચોમાસામાં ભરાતા વરસાદી પાણીનો નિકાલ, માટેના પ્રશ્નો રજુ કર્યા હતા. આ પ્રશ્નોનો તાકિદે નિકાલ કરવા ડી.ડી.ઓ. દ્વારા ઉપસ્થિત અધિકારીઓને સુચનો આપવામાં આવ્યા હતા.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ ઓગસ્ટથી ગુજરાત પ્રવાસે

# અમદાવાદ, ગાંધીનગર અને કચ્છમાં તૈયારીઓ પૂરજોશમા ચાલી રહી છે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણી આ વર્ષના અંત સુધીમાં યોજાવાની છે. ત્યારે આ પહેલા ગુજરાતના મતદારોને રીઝવવા દરેક પક્ષ અત્યારથી જ પ્રયાસો કરી રહ્યા છે. કેન્દ્રીય નેતાઓ પણ વારંવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વારંવાર ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે આ મહિનાના અંતિમ દિવસો ફરી એક વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદથી લઈને કચ્છ સુધી અનેક કાર્યક્રમોમાં જોડાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વાર ગુજરાત પ્રવાસે આવી શકે છે. વડાપ્રધાન ૨૭-૨૮ ઓગસ્ટે ગુજરાત આવી શકે છે. વડાપ્રધાનના ગુજરાત આગમનને લઈને તંત્ર દ્વારા



તૈયારીઓ કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ, ગાંધીનગર અને કચ્છના અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. અગાઉ ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં આ કાર્યક્રમો યોજાવાના હતા. જો કે જે રીતે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની અંદર પૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેને લઈને આ કાર્યક્રમો રદ કરવામાં આવ્યો હતો.

૨૭ ઓગસ્ટથી વડાપ્રધાનનો જે ગુજરાત પ્રવાસ છે તેની વાત કરવામાં આવે તો વડાપ્રધાનના અમદાવાદમાં કાર્યક્રમો ગોઠવાઈ રહ્યા છે. જેમાં ૨૭મીએ નવી સિવિલ હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવશે. તેની સાથે એક જનસભાનું સંબોધન પણ વડાપ્રધાન મોદી કરશે. બીજી તરફ વડાપ્રધાનનો કચ્છમાં પણ કાર્યક્રમ યોજવામાં આવશે. કચ્છમાં સ્મૃતિ વન તૈયાર કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ૨૮ ઓગસ્ટે મોદી કચ્છમાં સ્મૃતિ વનની મુલાકાત લેશે. આ સ્મૃતિ વનનું લોકાર્પણ વડાપ્રધાન મોદી કરશે. તો ભુજમાં સ્મૃતિ વનનું લોકાર્પણ કરી જનસભાને સંબોધશે. મોદીના ભવ્ય રોડ શોનું પણ આયોજન હોવાની શક્યતા છે. તો બપોરે મહાત્મા મંદિરમાં વડાપ્રધાન અન્ય એક કાર્યક્રમમાં હાજરી આપશે. વડાપ્રધાન છેલ્લા ચાર મહિનાથી સતત ગુજરાતના પ્રવાસે છે. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ તેમનો ગુજરાત પ્રવાસ વધી રહ્યો છે. જો કે આ વખતની મુલાકાતનું તેમનું સીધુ ફોક્સ કચ્છ અને તેની આસપાસના વિસ્તારોનું માનવામાં આવી રહ્યુ છે. જેના માટે કચ્છમાં ખાસ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર વડાપ્રધાન મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા દર મહિને ગુજરાતનો પ્રવાસ કરશે. ગુજરાતના ખુણા ખુણામાંથી ભાજપને વોટ મળી રહે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી સતત ગુજરાતની મુલાકાત લઈને ભાજપના કાર્યકરોમાં જોશ પુરતા રહેશે. તેમજ આગળની રણનીતિ અંગેનુ માર્ગદર્શન આપતા રહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.01

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ નગરને જોડતો માર્ગ બિસ્માર અને ખખડધજ બનતા વાહન ચાલકો પરેશાન

## ખખડધજ રસ્તાઓને લઈ અવાર-નવાર અકસ્માતની ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવી રહ્યા છે





હાલોલ,

હાલોલ નગરના રસ્તાઓ નગરજનો માટે માથાનો દુઃખાવો બન્યા છે. રસ્તા ઉપર પડેલ ખાડાઓને લઈ અકસ્માતની ઘટનઓ પણ બની રહી છે. ત્યારે હાલોલના રસ્તાઓનું સમારકામ અને નવિનીકરણ થાય તેવી માંગ નગરજનો કરી રહ્યા છે.

હાલોલ ઔદ્યોગિક હબ ગણાય છે. આ નગરમાં અહીં હજારો લાખો લોકો વ્યવસાહિક અને સામાન્ય પરિવહન કરતા હોય છે. પરંતુ હાલોલના રસ્તાઓ ઔદ્યોગ નગરની છાપ ઉપર કલંક રૂપ સાબિત થાય છે. હાલોલના ખખડધજ અને બિસ્માર રસ્તાઓ નિર્દોષ લોકોના જીવ લઈ રહ્યા છે. હાલોલના નવજીવન થી જયોતિ સર્કલ, વડોદરા રોડ અને હાલોલ- શામળાજી ટોલ રોડ તમામ રસ્તાઓ બિસ્માર બન્યા છે. આ માર્ગો ઉપર થી પસાર થતા વાહન ચાલકો માટે મુસીબતનો સબબ બની રહ્યો છે. હાલોલ નગરના રસ્તાઓની હાલત એવી થઈ છે કે અનેવાર આવા બિસ્માર રસ્તાઓને લઈ અકસ્માતની ઘટનાઓમાં વાહન ચાલકોને જાનમાલનું નુકશાન થયું છે. કોંગ્રેસ યુવા મોરચાના મહામંત્રી જે હાલોલમાં રહે છે. તે પણ ખરાબ રસ્તાનો ભોગ બની ચુકયા છે અને હાથ અને પગમાં ફેકચર થતાં પોલીસ ફરિયાદ પણ નોંધાવામાં આવી હતી. હાલોલમાં બિસ્માર રસ્તાને લઈ ૪ વર્ષીય માસુમ ભોગ બન્યો અને જીવ ગુમાવવાનો વારો આવ્યો.

હાલોલ નગરમાં ગટર વ્યવસ્થા બોર્ડ અને પાલિકા દ્વારા ભુર્ગભ ગટર લાઈનની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ભુર્ગભ ગટર લાઈનની કામગીરમાં અનેક વખત રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે અને આવા રસ્તાઓનું સમારકામ પાલિકા દ્વારા થાય છે. પરંતુ પુનઃ ખોદકામ થતા રસ્તાઓની હાલત સુધરતી નથી. છેલ્લા પાંચ વર્ષથી હાલોલ નગરના રસ્તાઓ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે હવે નગરજનો ઈચ્છી રહ્યા છે કે, રસ્તાઓનું સમારકામ અને નવિનીકરણ કરીને નગરજનોને બિસ્માર અને મોતની સફર જેવા રસ્તાઓથી છુટકારો આવશે તેવી માંગ ઉગ્ર બની છે.

## સહેલી વુમન્સ રીસોર્સ સેન્ટર દ્વારા ''જસ્ટીસ ફોર બિલ્કીસબાનું''ના સમર્થનમાં શરૂ થયું ઝુંબેશ



- ગોધરા સબ જેલ માંથી બિલ્કીસબાનુ કેસના ગેંગરેપ અને હત્યામાં આજીવન કેદની સજાના ૧૧ કેદીઓને મુક્ત કરવાના નિર્ણય સામે સોશિયલ મિડીયામાં વિરોધ શરૂ..!!
- મહિલા સંગઠનો, સામાજીક સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને બુધ્ધીજીવીઓ પણ એક હરોળમાં....

ગોધરા,

ગોધરા સબ જેલમાં બિલ્કીસબાનુ કેસના ગેંગરેપ અને હત્યાના ગુન્હામાં આજીવન કેદની સજાના ૧૧ કેદીઓને ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વના દિને જેલ માફી સાથે મુક્ત કરવાના ગુજરાત સરકારના આ આદેશના પગલે રાષ્ટ્રીય, રાજકીય માહૌલ તો ગરમાયો છે. પરંતુ સહેલી વુમન્સ રીસોર્સ સેન્ટર સાથે સંકળાયેલ સંખ્યાબંધ મહિલા સંગઠનો, સામાજીક સંસ્થાઓ, બુધ્ધીજીવીઓ વિ. અંદાઝે દેશભરના ૬ હજાર જેટલા અગ્રણીઓ, વિદ્યાર્થીઓ, મહિલાઓ દ્વારા બિલ્કીસબાનુ કેસના આજીવન કેદની સજાના ૧૧ કેદીઓને જેલ માફી આપવાના નિર્ણયને મહિલાઓની સુરક્ષા અને સલામતિઓની વાતો વચ્ચે દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો છે અને બિલ્કીસબાનુને ન્યાય અપાવવાની સમર્થનમાં જોડાયેલા સંખ્યાબંધ સંગઠનો અને વ્યક્તિગત અભિપ્રાયો વ્યકત કરનારાઓએ ગેંગરેપ અને હત્યાના જ ઘન્ય ગુન્હાના આજીવન કેદની સજાના આ કેદીઓને ગોધરા સબ જેલમાંથી મુક્ત કરવાના આ આદેશોની પુનઃ સમીક્ષા કરીને સજા માફીનો નિર્ણય રદ્દ કરવામાં આવે એવી દર્દભરી અપીલો કરતા આ સમગ્ર મામલો હવે આંતરરાષ્ટ્રીય ફલક ઉપર સોશિયલ મીડિયામાં પ્રસરી જવા પામ્યો છે.!!

ગોધરા કાંડ બાદ પ્રસરેલા કોમી રમખાણોમાં દાહોદ જિલ્લાના બહુચર્ચિત એવા બિલ્કીસબાનુ કેસના ગેંગરેપ અને હત્યાના ૧૧ આરોપીઓને મહારાષ્ટ્રની સ્પે. સી.બી.આઈ. અદાલત દ્વારા આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ગોધરા સબ જેલમાં જેલ ટ્રાન્સફર સાથે આવેલા આ ૧૧ કેદીઓને મુક્ત કરવા કે કેમ ? આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાત સરકારને આપવામાં આવેલ ગાઈડ લાઈન પ્રમાણે હાથ ધરાયેલ કાર્યવાહીમાં પંચમહાલ જિલ્લા જેલ સલાહકાર સમિતિ દ્વારા જેલ માફી આપવાના હકારાત્મક અભિપ્રાયના આધારે ગુજરાત સરકાર દ્વારા ગોધરા સબ જેલમાં બિલ્કીસબાનુ કેસના આજીવન કેદની સજાના ૧૧ કેદીઓને ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વના દિને જેલ માફી સાથે મુક્ત કરવામાં આવ્યા હોવાના આ નિર્ણય રાષ્ટ્રીય વિરોધ બની જવા પામ્યો છે !

જ્યારે ગોધરા AIMIM અને માઈનોરિટી એકતા મંચ દ્વારા આજરોજ બિલ્કીસબાનુ કેસમાં બળાત્કાર અને ૧૪ માસુમ લોકોના હત્યારાઓને ગોધરા સબ જેલ માંથી માફી આપવાના રાજ્ય સરકારના નિર્ણયનો વિરોધ વ્યક્ત કરી હાથમાં પ્લેકાર્ડ સાથે આવેદનપત્ર પંચમહાલ કલેક્ટરને સુપ્રત કરવામાં આવ્યું હતું.

## ગોધરા કોર્ટના ઈતિહાસમાં પહેલી વખત આરોપીએ પોતાના બચાવ માટે આપેલ લાઈવ ડીટેકશન ટેસ્ટ તથા બ્રેઈન મેપીંગ ટેસ્ટની અરજી રદ કરતી ડિસ્ટ્રીકટ કોર્ટ

ગોધરા,

સમગ્ર બનાવની હકીકત એવી છે કે મોરવા (હ) પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો આરોપીઓ (૩) અલ્પેશભાઈ રાયસીંગભાઈ બારીઆ (૨) રાજુભાઈ રાયસીંગભાઈ બારીઆ (૩) હિંમતભાઈ ફતેસિંહ બારીઆ (૪) રમેશભાઈ સાલમભાઈ બારીઆ તમામ રહે. કડાદરા નાઓ વિરૂધ્ધ નોંધવામાં આવેલ અને આ ગુન્હાના કામે મોરવા હડફ પોલીસ દ્વારા જરૂરી નજરે જોનારા સાહેદો મળી આવતા તેમના નિવેદનો લઈ તથા જરૂરી પંચનામા વિગેરે કરી યોગ્ય તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરાવો હોવાથી તેમની ધરપકડ કરી તેમને કસ્ટડીમાં મોકલી આપેલ અને ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી દેવામાં આવેલ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીઓ દ્વારા નામદાર કોર્ટમાં આરોપીઓને જામીન મુકત કરવા અરજી દાખલ કરવામાં આવેલી અને ત્યારબાદ આરોપીઓ દ્વારા પંચમહાલ જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ જે.સી.દોશીની કોર્ટમાં ક્રિ.પ.અરજી નંબર ૬૧૧/૨૦૨૨ થી અરજી દાખલ કરીને આરોપીઓ દ્વારા કહેવાતો કોઈ પણ પ્રકારનો ગુન્હો કરવામાં આવેલ નથી અને માત્ર નિદોર્ષ હોવા છતાં તેમને ગુન્હાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેવું જણાવીને આરોપીઓએ પોતાનો લાઈવ ડીટેકશન ટેસ્ટ તથા લેઈન મેપીંગ ટેસ્ટ વિગેરે કરાવવા માટે હુકમ થવા નામદાર કોર્ટને વિનંતિ કરેલ અને નામદાર કોર્ટમાં આ અરજીની સુનાવણી થતાં જિલ્લા સરકારી વકીલ રાકેશ.એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા રજુઆતને ધ્યાને લઈ નામદાર કોર્ટ દ્વારા આરોપીઓએ આપેલ અરજી નામદાર કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવી છે અને નામદાર કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ છે કે હાલ કેસનો તબકકો જોતાં અને પોલીસ તપાસના કાગળોમાં નજરે જોનાર સાહેદો પણ છે. તેવા સંજોગોમાં અને કેસની ગંભીરતા જોતાં હાલના તબકકે આરોપીઓની હાલની અરજી ગ્રાહય રાખી શકાય તેવી નથી. તેથી કરીને અર્જી ડિસ્ટ્રીકટ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને આ પ્રકારનો ચુકાદો ગોધરાના કોર્ટના ઈતિહાસમાં પહેલી વખત આવેલો છે.

## પંચમહાલ જિલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઇ



ગોધરા,

પંચમહાલ જિલ્લા સંકલન સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઇ હતી. આ બેઠકમાં કલેકટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. ક્લેક્ટર દ્વારા જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ સાથે સુચારૂ સલાહ-સુચનો કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ચોમાસુ પાણીનો નિકાલ, રેવન્યુને લગતા પ્રશ્નો, ગેસ કનેક્શનને લગતા પ્રશ્નો, નલ સે જલ યોજના અંતર્ગત પ્રશ્નો, વિજળીને લગતા પ્રશ્નો સહિત ચર્ચા કરવામાં આવી હતી તથા તમામ પ્રશ્નોનો નિકાલ કરવા કલેકટર દ્વારા સલાહસુચનો કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, અધિક નિવાસી ક્લેક્ટર એમ.ડી. ચુડાસમા તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા શહેરના મુખ્ય માર્ગો ઉપર રખડતા પશુઓનો અડીંગો : અકસ્માતનો ભય

ગોધરા,

ગુજરાત રાજ્યના મોટા શહેરોમાં રખડતા ઢોરની અડફેટે વાહન ચાલકોના મોતની ઘટના પ્રતિદિન સામે આવી રહી છે. રાજ્યમાં રખડતા ઢોરની સમસ્યાને લઈ અવાર-નવાર હાઈકોર્ટ દ્વારા પણ તીખી પ્રતિક્રિયા આપવામાં આવી હોવા છતાં મહાનગર પાલિકા કે પાલિકા તંત્રની આંખો ઉઘડતી ન થી અને તેમના પાપે નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે.


ગોધરા શહેર પણ રખડતા ઢોરની સમસ્યા થી બાકાત નથી. શહેરના લાલબાગ બસ સ્ટેશન થી બી.વી. ગાંધી પેટ્રોલ પંપ, પ્રભારોડ, પાંજરાપોળ સહિતના જાહેર માર્ગો ઉપર રખડતા ઢોર અડીંગો જમાવી દેતા હોય છે. ગોધરા શહેરમાં પાલિકા તંત્ર અત્યાર સુધી રખડતા પશુઓ બાબતે બેદરકારી દાખવી રહ્યું છે. રોડ ઉપર અડીંગો જમાવી દેતા પશુઓને લઈ અકસ્માતનો કાયમી ભય સતાવી રહ્યો છે. ત્યારે આવા રખડતા પશુઓને પકડીને ડબ્બે પુરવામાં આવે તે જરૂરી છે. જો પાલિકા તંત્ર રખડતા ઢોરની સમસ્યા હલ કરવામાં નિષ્કાળજી રાખશે તો આવનાર સમયમાં રખડતા પશુઓને લઈને કોઈ નિર્દોષ વ્યકિત ભોગ બને તે પહેલા પાલિકા તંત્ર જાગે તે જરૂરી છે.

## ગોધરા બામરોલી રોડ મૈત્રી એપાર્ટમેન્ટ નીચે જુગાર રમતા પાંચ જુગારીયા ઝડપાયા

ગોધરા,

ગોધરા શહેર બામરોલી રોડ લક્ષ્મી સોસાયટી સામે મૈત્રી એપાર્ટમેન્ટ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૫ ઈસમોને પોલીસે ૨૮,૧૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર બામરોલી રોડ લક્ષ્મી સોસાયટી સામે આવેલ મૈત્રી એપાર્ટમેન્ટ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે રેઈડ કરી અજય મોહનલાલ ઠક્કર, મોહીત પરસોતમ શર્મા, સુનિલ દામોદરદાસ ખીમાણી, હરેશ ચમણભાઈ પારવાણી, કમલેશ દિલીપ લાલવાણીને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રોડકા રૂપીયા મળી ૨૮,૧૯૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## પાવાગઢ ડુંગર હરીયાળી થી છવાઈ જતાં હિલ સ્ટેશન જેવા દ્રશ્યો સર્જાયા



પાવાગઢ,

રાજ્યમાં વરસાદ વધતાની સાથે પંચમહાલ જિલ્લામાં પણ વરસાદની શરૂઆત થઇ, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદનું આગમન થતાની સાથે પાવાગઢ અને તેના આસપાસની લીલોતરી વધવા લાગી અને ડુંગરો ઉપરના ધોધની શરૂઆત થઈ. વરસાદનું આગમન થતાની સાથે પાવાગઢમાં ઉંચા ડુંગરો ઉપર વાદળો છવાઈ ગયા અને પાવાગઢની આસપાસ આવેલા તમામ ડુંગરો પરથી વાદળો જવા લાગ્યા ડુંગરો વાદળો વચ્ચે રહેતા અનેક કુદરતી દ્રશ્યો સર્જવા લાગ્યા. જેમાં વાદળોની વચ્ચે લીલી હરિયાળીના પણ અનેક નજારા દેખાવા મળી છે. હાલ વરસાદની સીઝનમાં સિમલા, મસૂરી જેવા અનેક દ્રશ્યો સામે આવવા લાગ્યા છે. હાલ, પાવાગઢ ખાતે જોવા જઈએ તો અનેક નાના મોટા ધોધ સામે આવ્યા છે. ત્યારે આ ધોધ પાવાગઢની ફરતે વરસાદને કારણે અનેક જગ્યા પાર તેની શરૂઆત થઈ ગઈ છે. પાવાગઢના ડુંગર પાર લીલી હરિદીની વચ્ચે વરસતા આ ધોધને જોવા અને તેની સેલ્ફી લેવાની પ્રવાસીઓ અનેક મજા માણવા આવી રહ્યાં છે. પવિત્ર યાત્રાધામ ખાતે ડુંગર પર ચારેય બાજુ ધોધનો કુદરતી નજારો વધ્યો છે. ત્યારે વરસાદી માહોલ વચ્ચે હવે યાત્રાળુઓ તેમજ પર્યટકોમાં વધારો થશે.

## વેજલપુર નાયક સોસાયટી પાછળ જુગાર રમતા ૬ જુગારીયાને ૨૦ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક સોસાયટી પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬ ઈસમોને ૨૦,૩૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામે નાયક સોસાયટી પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચેતન જશવંતભાઈ રોડ, ઓદભાઈ દિપાભાઈ નાયક, સંજય સુરેશભાઈ પટેલ, રાહુલ અરવિંદભાઈ લુહાર, સુરજ કિરણસિંહ ચૌહાણ, રવિ લાલાભાઈને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતી દાવ ઉપર મુકેલ રોકડ રૂપીયા મોબાઈલ ફોન નંગ-૩ મળીને ૨૦,૭૬૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈને આ બાબતે વેજલપુર પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના મઘાસર ખાતે ફાર્મહાઉસ પર જુગાર રમતા ૧૦ જુગારીયાઓને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ ગ્રામ્ય પોલીસ મઘાસર ખાતે આવેલા ફાર્મ હાઉસમાં જુગાર રમતા ૧૦ આરોપીઓને રૂ.૧.૦૫ લાખની રોકડ રકમ અને ચાર કાર સાથે ઝડપી પાડ્યા હતા. જયારે ચિત્રકુટ સોસાયટીમાં રમતા છ જુગારીઓને રૂ.૬૦,૮૩૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા. હાલોલ ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, નંદાલય સોસાયટીમાં રહેતા રાકેશ હસમુખ શાહ તેના મઘાસર ખાતે આવેલા ફાર્મહાઉસમાં જુગાર રમાડે છે તે બાતમીના આધારે પોલીસે છાપો મારતા રાકેશ શાહ, દિક્ષિત ગોવિંદ પરીખ, પ્રશાંત ગોવિંદભાઈ, રિસીત મહેન્દ્રભાઈ શાહ, સમીર સુરેશચંદ્ર શાહ, મયુર રાકેશભાઈ પટેલ, રમેશ રતીલાલ શાહ, વજેશ જીતેન્દ્રકુમાર શાહ, જયપાલસિંગ સુરી તમામ (રહે.વડોદરા)અને કમલેશ કંચનલાલ (રહે.સાવલી) ઝડપાઈ ગયા હતા. પોલીસે ચાર કાર મળી કુલ રૂ.૮.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ૧૦ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે હાલોલ શહેર પોલીસને બાતમી મળી હતી કે, ચિત્રકુટ સોસાયટીમાં ખુલ્લી જગ્યામાં પાનાપત્તાનો જુગાર રમાય છે જે બાતમી મળતા પોલીસે બાતમીવાળી જગ્યાએ છાપો મારતા પ્રિયાંક પરેશભાઈ, હિરેન ગોપાલદાસ સોની, સત્યમ રોહિત દરજી, દેવાંગ સુરેશભાઈ ધોબી, પ્રણવ રોહિતભાઈ દરજી, રાજેશ શાહ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે કુલ રૂ.૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઘોઘંબાના મામલતદાર જે.જે. તડવીની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા મામલતદાર તરીકે ત્રણ વર્ષની સેવા આપ્યા બાદ મામલતદાર જે.જે.તડવી કવાટ ખાતે બદલી થતાં ફુર પ્રાઈસ શોપ એસોસિયન્સ, તલાટી મંડળ તથા સ્ટાફ દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં જે.જે. તળવી દ્વારા વિધવા સહાય, મતદાન જાગૃતિ તેમજ અન્ય સરકારી કામકાજ કોઈપણ જાતના વાદ વિવાદ વગર હસતા મુખે કરતા મામલતદારની પ્રસંસનીય કામગીરીને વખાણી હતી.

સરકારી દુકાન દારો એ ફળ પુષ્પગુચ્છ તેમજ ભેટ સોગાદ આપી સન્માન કર્યું હતું. ઘોઘંબા ના તલાટી મંડળ સાલ ઓઢાડી ચાંદીનો ઘોડો ભેટ આપી તેમનું સન્માન કરી તલાટી અતુલ કટારાએ મામલતદારના સ્વભાવ અને તેમની પાસે મેળવેલા અનુભવની વિસ્તૃતિ માહિતી આપી આવા અધિકારીઓ જવલ્લેજ મળતા હોવાની વાત કરી હતી.

હસમુખો સ્વભાવ અને કોઈપણ લાભાથો કે સ્ટાફ પાસે લોભ કે લાલચ વગર કામો ઉકેલી આપતા હતા. જાતિ આવક ના દાખલાઓમાં પણ કોઈપણ જાતના વાંધા વાચક કે સમય બગાડ્યા વગર દાખલાનું તુરંત આપવામાં આવતા હતા. મામલતદાર કચેરીના સ્ટાફ સાથે પરિવારના સભ્યોની જેમ વર્તન કરી સૌને સાચું માર્ગદર્શન આપતા સ્ટાફ પરિવારો વિદાય વેળાએ ગદગદીત થયા હતા.

ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારી કલ્પેશ પટેલ દ્વારા ફળ સાલ તથા પુષ્પાહાર પહેરાવી સન્માન કર્યું હતું.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

મધ્યપ્રદેશના રાજયના કુશલગઢ ગામના પગપાળા સંઘ ઘોઘંબા ખાતે આવી પહોંચ્યો હતો. હાથમાં ધજા અને રથ લઈ નીકળેલા મહાસંગ ચાર દિવસ પગપાળા ચાલ્યા બાદ આજે ઘોઘંબા આવી પહોંચ્યો હતો. છેલ્લા એક દાયકાથી પગપાળા આવતા આ સંઘમાં મહિલાઓ પુરૂષો અને બાળકો મળી કુલ ૯૦૦ લોકો જોડાયા હતા. મધ્યપ્રદેશનો આ મહાસંગ ઘોઘંબા રાયન મુવાડા પાસે રોકાયા બાદ આજે જય મહાકાળીના નાદ સાથે પાવાગઢ તરફ પ્રયાણ કર્યું હતું.



'શિક્ષક કભી સાધારણ નહીં હોતા' આ ઉકિતને સાર્થક કરી બતાવી છે. ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ પ્રતિષ્ઠિત શાળા એવી ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળાના ઉત્સાહી અને બાળકોના ઉજ્વળ ભવિષ્યની ચિંતા કરનાર શિક્ષક બોકડા અસલમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્ય પૂર્ણ પ્રયોગો તથા સામાજિક ક્ષેત્રે ઉત્સાહ પૂર્વક યોગદાન બદલ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. જે બદલ શિક્ષકને ગોધરા મુસ્લિમ સમાજ તથા શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.